| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪–૦૪–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૪–૦૪–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૧–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૩ ૦૦ ૨૩ |

**મે. રાણાવાવના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ શ્રી ની અદાલતમાં, મું. રાણાવાવ.**

**ફોજદારી કેસ નંબર : ૪૦૨/૨૦૨૩**
**આંક–૩૧.**

**ફરીયાદી** : શ્રી સરકાર...

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** : રામાભાઈ અરજનભાઈ ડાકી

ઉ.વ.૫૫

રહે. દોલતગઢ ગામ, પ્રાથમિક શાળા પાસે,

તા.રાણાવાવ, જી.પોરબંદર.

**ગુનો :– ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

...........................................................................................................

ફરીયાદ પક્ષ........તરફે : વિ.એ.પી.પી.શ્રી જે. એલ. ઓડેદરા.
આરોપીપક્ષ.........તરફે : વિ. વકીલ શ્રી વિ. ડી. જોષી.

...........................................................................................................

**-:: ઠ રા વ ::-**

**(૧). ફરીયાદપક્ષ ના કેસ ની ટુંકમાં હકીકત :-**આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૧૭/૦૩/૨૦૨૩ નાં કલાક ૧૬:૩૦ વાગ્યાના અરસામાં આરોપી તથા ફરીયાદી ભાઈ-બહેન થતા હોય જમીનના બાબતે મનદુ:ખ ચાલતુ હોય, ફરીયાદી મોતીબેન દોલતગઢ ગામે આટો મારવા આવેલ ત્યારે આરોપીએ દોલતગઢ ગામે મોહનભાઈ અરજનભાઈ ડાકીની વાડી એ ફરીયાદીને ભાઈઓ વચ્ચે સમાધાન કરાવી જમીનમાં ભાગ અપાવવાનું કહેતા ફરીયાદીએ ભાઈઓની વચ્ચે જમીનની બાબતમાં પાડવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, લાકડી વડે શરીરે આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજા તથા જમણા હાથમાં ફ્રેકચર કરી ગંભીર ઈજા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી તથા જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પોરબંદર હથિયારબંધી ના જાહેરનામાનો ભંગ કરીને ગુન્હો કરતા, આ કામનાં ફરીયાદી એ રાણાવાવ પોલીસ સ્ટેશનના ગુના રજી. નં.૧૧૨૧૮૦૧૫૨ ૩૦૧૫૭/૨૦૨૩ થી ફરીયાદ કરતા તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો જણાઈ આવતા, અત્રેની કોર્ટમાં ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

**(૨). ગુના નું સંજ્ઞાન :-** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલત માં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરતા, સંહિતાની કલમ-૧૯૦ (૧) (બી) પ્રમાણે આરોપી સામેના ગુન્હા અંગે નું સંજ્ઞાન લઈ સંહિતા ની કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતા આરોપી હાજર થયેલ હતા, તેઓને સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડેલ અને આરોપી સામે સદર ગુના નું **આંક-૦૩**

**<u>થી</u>** તહોમતનામું ફરમાવેલ અને **આંક–૦૪** થી પ્રાથમિક જવાબ (નિવેદન) લેતા ગુન્હા નો ઈન્કાર કરેલ, જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

**<u>(૩). પુરાવો :</u>**– ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>–: મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૭ | મોતીબેન અરજનભાઈ સગારકા | ફરીયાદી |
| (૨) | ૧૦ | મુકેશભાઈ દ્વારકાદાસ જોષી | પંચસાહેદ |
| (૩) | ૧૨ | ઈમ્તીયાઝ ઉંમરમીયા પીરજાદા | પંચસાહેદ |
| (૪) | ૧૩ | દૈનિક અરજણભાઈ સગારકા | સાહેદ |
| (૫) | ૧૪ | વિરમભાઈ અરજણભાઈ ડાકી | સાહેદ |
| (૬) | ૧૫ | રાંભીબેન વિરમભાઈ ડાકી | સાહેદ |
| (૭) | ૧૬ | મુકેશભાઈ દ્વારકાદાસ જોષી | પંચસાહેદ |
| (૮) | ૧૮ | ઈમ્તીયાઝ ઉંમરમીયા પીરજાદા | પંચસાહેદ |
| (૯) | ૧૯ | મોહનભાઈ અરજણભાઈ ડાકી | સાહેદ |
| (૧૦) | ૨૦ | લીલુબેન મોહનભાઈ ડાકી | સાહેદ |
| (૧૧) | ૨૧ | ડો.વિપુલ નાનાલાલ મોઢા | મેડીકલ ઓફીસર |
| (૧૨) | ૨૩ | નરેન્દ્રભાઈ ત્રિકમભાઈ ભટ્ટ | સાહેદ |
| (૧૩) | ૨૭ | હરદાસભાઈ વરજાંગભાઈ કનારા | ત.ક.અ. |

**<u>-: દસ્તાવેજી પુરાવો :-</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | અસલ ફરીયાદ |
| (૨) | ૧૧ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| (૩) | ૧૭ | આરોપીનું અટક પંચનામુ |
| (૪) | ૨૨ | ફરીયાદીનું ઈજા અંગેનું સર્ટીફીકેટ |
| (૫) | ૨૪-૨૫ | કમલાબાગ પો.સ્ટે.ની યાદી |
| (૬) | ૨૮ | તપાસનો ડેપ્યુટ હુકમ |
| (૭) | ૨૯ | રાણાવાવ પો.સ્ટે.નો. પત્ર |
| (૮) | ૩૦ | હથિયારબંધીનું જાહેરનામુ |

**<u>(૪). વિષેશ નિવેદન :-</u>** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી એ મૌખીક વિનંતી થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરતા આ કામે રજુ થયેલ પુરાવો જોતાં ક્રિ. પ્રો. કોડ ની કલમ-૩૧૩ અન્વયે આરોપી એ તેમની વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે નું વિશેષ નિવેદન નોંધેલ જેમાં જણાવેલ છે કે આ કામે ફરીયાદી ના સગા એ અમારી વિરૂધ્ધ પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી સાથે જમીન બાબતે અગાઉ થી વાંધા ચાલતા હોવા થી પોતાની સામે ખોટો કેસ કરેલ હોવા નું અને નિર્દોષ છે તેવુ જણાવેલ છે તેમજ સોગંદ ઉપર પુરાવો આપવો કે બચાવ માં સાહેદ તપાસવા નો ઈન્કાર કરેલ છે.

**<u>(૫). દલીલ :-</u>** આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, બનાવનું કારણ સંયુકત નામે બહેન તથા ભાઈઓના નામે ખેતીની જમીન ચાલે છે તે બાબતે બનેલ છે. આરોપીના માનવા મુજબ તેમનો ભાગ

અલગ કરી દે. આરોપી સામે પ્રોહી. તથા આઈ.પી.સી. નાં ગુનાઓ એકસાથે થયેલ હતા તેઓ ને પી.સી.આર. વાન આવીને અટક કરીને લઈ ગયેલ હતા. આરોપી દારૂ પીધેલી હાલતમાં તેમની બહેનને માર મારેલ હતો. ફરીયાદી એ આરોપી માર મારેલ હોવા ની તથા લાકડી થી માર મારતા ફેકચર ની ઈજાઓ ને સમર્થન કરેલ છે તથા સાહેદો એ ફરીયાદ હકીકત મુજબ નો આક્ષેપ ની હકીકત જણાવી આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને કાયદામાં ઠરાવેલ મહતમ સજા ફરમાવવા અરજ ગુજારેલ છે.

આ કામે **બચાવપક્ષ તરફે તેમના વિ.વ. શ્રી વી. ડી. જોષી એ** દલીલ કરેલ છે કે, આ કામનાં ફરીયાદી તથા આરોપી ભાઈ-બહેન છે. ફરીયાદી ને ભાઈની જમીનમાં ભાગ જોતો હોવાથી હાલની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદીએ જુબાની માં, 'તમો ભાઈઓ-ભાઈઓ સમજી લો' અને આ માર અમોને હાથમાં, છાતીમાં તથા વાસાના ભાગે મારેલ હતો તેમજ મારા ડાબા હાથની આંગળી તુટી ગયેલ હતી, 'તેવી હકીકત ફરીયાદમાં લખાવેલ નથી. આ કામે બનાવ તા.૧૭/૦૩/૨૦૨૩ નાં રોજ સાંજના ૪:૩૦ વાગ્યે બનેલ હતો, જયારે ફરીયાદ તા.૧૮/૦૩/૨૦૨૩ નાં રોજ એક દિવસ મોડી હોસ્પીટલ થી આપેલ હતી તે લગત ચાર્જશીટ થયેલ પરંતુ જુબાની માં ''સદરહુ બનાવની ફરીયાદ રાણાવાવ પણ કરેલ હતી.'' ફરીયાદી લાકડી ઓળખી બતાવેલ નથી તેમજ પંચ સાહેદો હોસ્ટાઈલ થયેલ છે જેથી પંચનામા ની હકીકતો પુરવાર થયેલ નથી. આંક-૧૪ તથા આંક-૨૦ નાં સાહેદો બનાવ ને નજરે જોનાર સાહેદ છે ઉ.તપાસ માં બનાવ સમયે તેઓ હાજર હતા નહી તેવુ કબુલ રાખેલ છે. આંક-૧૯ થી ફરીયાદીના ભાઈ ને હોસ્ટાઈલ જાહેર કરેલ છે, બનાવે તેઓએ જોયેલ નથી અને મારી બહેનને શું ઈજા થયેલી તેની મને ખબર નથી. ત.ક.અમલદારે ઉલટ

તપાસમાં જણાવેલ છે કે, 'મને ફરીયાદ મળેલ હતી તેમાં તમો ભાઈઓ –ભાઈઓ સમજી લો અને ભાગ પાડી લો' તેવુ લખેલ નથી. ફરીયાદપક્ષ નો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, તેઓ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**<u>(૬). મુદદાઓ :</u>–** ફરીયાદ હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: : મુદ્દાઓ : :–</u>**

<u>(૧)</u> શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૧૭/૦૩/૨૦૨૩ નાં કલાક ૧૬:૩૦ વાગ્યાના અરસામાં આરોપી તથા ફરીયાદી ભાઈ–બહેન થતા હોય જમીનના બાબતે મનદુ:ખ ચાલતુ હોય, ફરીયાદી દોલતગઢ ગામે આટો મારવા આવેલ ત્યારે આરોપીએ દોલતગઢ ગામે મોહનભાઈ અરજનભાઈ ડાકીની વાડીએ ફરીયાદીને ભાઈઓ વચ્ચે સમાધાન કરાવી જમીનમાં ભાગ અપાવવાનું કહેતા ફરીયાદીએ ભાઈઓની વચ્ચે જમીનની બાબતમાં પાડવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે શરીરે આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજા તથા જમણા હાથમાં ફ્રેકચર કરી ગંભીર ઈજા પહોંચાડી કરી ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

<u>(૨).</u> તમો આરોપીએ ઉપરોકત બનાવના સમયે અને સ્થળે ફરીયાદીને ગાળો બોલી,જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ઈ.પી.કો.કલમ ૫૦૪,૫૦૬ (૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૩). તમો આરોપીએ ઉપરોકત બનાવના સમયે અને સ્થળે મહે.જીલ્લા મેજીસ્ટ્રટનુ જાહેરનામુ અમલમાં હોવા છતા હાથમાં લાકડી ધારણ કરી જાહેરનામો ભંગ કરી બી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૪). શુ હુકમ ?

(૭). **મુદદા ના જવાબો :– સદર** મુદ્દાઓ પરત્વે આ કોર્ટ નો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

**ઉપરોકત નિર્ણયો ના મારા કારણો નીચે મુજબ.**

(૮). **ન્યાયશાસ્ત્ર નો સિધ્ધાંત :–** ન્યાયશાસ્ત્ર ના સ્થાપિત સિધાન્ત મુજબ 'પુરવાનુ મુલ્યાંકન' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાલબ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનુ મુલ્યાંકન કઈ રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજાગો પર આધારીત હોય છે. પુરાવા નું મુલ્યાંકન નો આધાર પુરાવાના કાયદા ની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહી માં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાના કેસ ની હકીકતો શંકાથી પરે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહી ના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી પરંતુ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ નું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનુ રહે છે. સાબિત

થયેલ હકીકત કોને કહેવાય તે જોવામા આવે તો અદાલત સમક્ષ રજુ થયેલી બાબતો પર થી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનુ અસ્તિત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય ઉપરોકત સિધ્દાન્તો ધ્યાને લઈ આ કેસની હકીકતોનુ નિરીક્ષણ કરવાનુ રહે છે.

**(૮). મુદદા નં.૦૧ :–** મુદા નંબર–૦૧ ની ચર્ચા કરીયે તો તેમા ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવાનુ છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા.૧૭/૦૩/૨૦૨૩ નાં કલાક ૧૬:૩૦ વાગ્યાના અરસામાં આરોપી તથા ફરીયાદી ભાઈ–બહેન થતા હોય જમીનના બાબતે મનદુ:ખ ચાલતુ હોય, ફરીયાદી દોલતગઢ ગામે આટો મારવા આવેલ ત્યારે આરોપીએ દોલતગઢ ગામે મોહનભાઈ અરજનભાઈ ડાકીની વાડીએ ફરીયાદીને ભાઈઓ વચ્ચે સમાધાન કરાવી જમીનમાં ભાગ અપાવવાનું કહેતા ફરીયાદીએ ભાઈઓની વચ્ચે જમીનની બાબતમાં પાડવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે શરીરે આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજા તથા જમણા હાથમાં ફ્રેકચર કરી ગંભીર ઈજા પહોંચાડી કરી ઈ.પી.કો. કલમ–૩૨૫, ૩૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? આમ, આ મુદ્દાની રચના અને તેનો પ્રકાર જોતા નિશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ના માથે રહેલો છે. હવે આ બાબતે પ્રથમ ફરીયાદ પક્ષ નો પુરાવો વંચાણે લેવો જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

આ કામે **ફરીયાદી ફરીયાદી મોતીબેન અરજનભાઈ સગારકા ને આંક–૦૭ થી** સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, મારી સાથે બનાવ ને આશરે ચાર પાંચ મહિના જેટલો સમય થયો હશે. બનાવ વખતે અમો મારા નાના ભાઈ મોહનભાઈ અરજણને ત્યાં દોલતગઢ મુકામે આવેલ હતા. દોલતગઢ મુકામે હું હાજર હતી ત્યારે રામા અરજણ કે જેઓ મારા નાનાભાઈ થાય છે મારી પાસે આવેલ

અને અમોને કહેલ કે મને જમીનમાં ભાગ અપાવી દે જેથી અમોએ કહેલ કે મારા હાથમાં કઈ નથી તમો ભાઈઓ ભાઈઓ સમજી લ્યો અને ભાગ પાડી લ્યો ત્યારબાદ તે ગાળો બોલવા લાગેલ અને તે ફરીથી ચાર વાગ્યે મોહનભાઈને ત્યાં આવેલા અને મને ગાળો આપવા લાગેલ તથા માર મારેલ, અમોને આ માર લાકડી વડે મારેલ. આ માર અમો ને બે હાથમાં, છાતીમાં તથા વાસાના ભાગે માર મારેલ હતો. આ મારમાં અમોને ડાબા હાથની આંગળી તુટી ગયેલ. આ માર મારતા મોહનભાઈ તથા તેના પત્ની લીલુબેન આવેલા અને તેઓએ જુદા પાડેલા. પછી મારા ભત્રીજા પ્રિન્સે એમ્બ્યુલન્સ બોલાવેલી અને આ એમ્બ્યુલન્સમાં અમો પોરબંદર સરકારી દવાખાને સારવાર માટે ગયેલ જયાં અમોએ સારવાર કરાવેલ. આ બનાવ બાબતની ફરીયાદ ભાવસિહજી સરકારી હોસ્પીટલે કરેલી હતી તેમજ રાણાવાવ પણ કરેલ હતી. જે અસલ ફરીયાદ આજરોજ અમોને બતાવવામાં આવે છે તે તે જ જેમાં મારા અંગુઠાનું નિશાન છે જે ઓળખી બતાવે છે, જે આંક–૦૮ થી રજુ રાખેલ છે. આ કામના આરોપીને જોઈને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે તે જ છે. અમોને જે લાકડી વડે માર મારવામાં આવેલ તે લાકડી અમોને બતાવવામાં આવે તો તે હું જોઈને ઓળખી શકુ. મને મુદામાલ પાવતી નં.૨૯/૨૩ ના આર્ટીકલ નંબર ૧ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈ ને જણાવુ છું કે આ તે લાકડી નથી. અમોને જે માર મારવામાં આવેલ તે લાકડી મોહનભાઈ ના ઘરે પડેલ છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** અમારા લગ્નને આશરે ૪૦–૪૫ વર્ષ જેટલો સમય થયેલ હશે અને મારા દિકરાને નોકરી મળતા અમો ભાવનગર મુકામે રહેવા ગયેલા. દોલતગઢ ગામે મારા બા હયાત છે તેમના નામે એક ખેતીની જમીન આવેલ છે તે જમીનમાં મારા મોટા ભાઈ વિરમભાઈ સાથે રહે છે. મારી માતા પાસે એક જમીન હતી તે પંદરેક વર્ષ પહેલાં

ચારેય ભાઈઓને ભાગ પાડી આપી દીધેલ છે જેથી હવે અમારે એવી કોઈ બીજી જમીન નથી કે જેના હવે ભાગ પાડવા પડે. તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ ફરીયાદ કરેલ નથી બીજા દિવસે રાણાવાવ પોલીસ સ્ટેશને આવીને ફરીયાદ કરેલી. દોલતગઢ થી પોરબંદર અંદાજે દોઢ કલાકનો સમય થાય. મારી ફરીયાદમાં આરોપીએ શું ગાળો બોલેલી તેનો કોઈ ઉલ્લેખ મારી ફરીયાદમાં નથી. મારા નામે કોઈ ખેતીની જમીન આવેલ નથી. " મારા હાથમાં કઈ નથી તમો ભાઈઓ ભાઈઓ સમજી લ્યો અને ભાગ પાડી લ્યો" , "આ માર અમોને બે હાથમાં, છાતીમાં તથા વાસાના ભાગે માર મારેલ હતો તથા આ મારમાં અમોને ડાબા હાથની આંગળી તુટી ગયેલ અને આ માર મારતાં મને મોહનભાઈ તથા લીલુબેન આવેલા અને તેઓએ જુદા પાડેલ." મારી ફરીયાદમાં આ હકિકતો લખાવેલ નથી.

એ **હકીકત નો ઈન્કાર કરેલ છે કે,** મે ડોકટરને એવું કહેલ નથી કે લાકડી વડે ઈજા થયેલ. રાણાવાવ પોલીસ સ્ટેશને પોલીસે મારો એક અંગુઠો લીધેલો આ અંગુઠો કાગળમાં લીધેલો અને આ કાગળ રાણાવાવ પોલીસે લખેલ અને પછી મે એમાં અંગુઠાનું નિશાન કરેલ. આ અંગુઠાનું નિશાન રાણાવાવ પોલીસે કહેવાતા બનાવના બીજા દિવસે કરાવેલ. મારા નાનાભાઈ મોહનભાઈ ને આરોપી સાથે વાંધો ચાલતો હોય તેથી તેના કહેવાથી મે આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપી જુબાની આપુ છું.

(૮.૧). ફરીયાદપક્ષ તરફે **બનાવવાળી જગ્યાના આંક–૧૧ ના પંચનામાના** પંચ સાહેદ શ્રી મુકેશભાઈ દ્વારકાદાસ જોષીને **આંક–૧૦** થી તથા પંચસાહેદ શ્રી ઈમ્તીયાઝ ઉમરમીયા પીરજાદાને **આંક–૧૨** થી તથા **આરોપીને મુદ્દામાલ સાથે અટક કર્યાના આંક–૧૭ ના પંચનામાના** પંચ સાહેદ શ્રી મુકેશભાઈ દ્વારકાદાસ જોષીને **આંક–૧૬** થી તથા પંચસાહેદ શ્રી ઈમ્તીયાઝ

ઉમરમીયા પીરજાદાને **આંક–૧૮** થી તપાસેલ છે પરંતુ તેઓએ **આંક–૧૧ તથા આંક–૧૭** ના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે, તે સિવાય ની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૮.૨).આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ દૈનિકભાઈ અરજનભાઈ સગારકા ને આંક–૧૩</u>** થી સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, મોતીબેન એ મારા માતા થાય છે. રામાભાઈ અરજણભાઈ ડાકી મારા સગા મામા થાય છે. મારા મમ્મી મોતીબેન સાથેનો બનાવ તા.૧૭/૩ ના રોજ બનેલો, આ દિવસે મારા મામી લીલુબેન મોહનભાઈ ડાકી નો ફોન આવેલો અને અમોને જણાવેલ કે, રામાભાઈ અરજણભાઈ ડાકીએ મારી માતા મોતીબેનને માર મારેલ છે અને તેમને હોસ્પીટલે લઈ જઈએ છીએ. આ દરમ્યાન હું ભાવનગર હતો જેથી ત્યાંથી સીધો પોરબંદર સરકારી હોસ્પીટલે જવા નીકળેલ અને ત્યાં પહોંચેલો. હોસ્પીટલે મારી માતા બેઠા હતા અને હાથ માં પાટો હતો અને મે મારી માતાને પુછેલ કે, શું થયુ એટલે મારી માતાએ કહેલ કે, એ લોકોનો ભાયો ભાગનો પ્રશ્નો હતો એટલે મારા મામા રામાભાઈએ મારી મમ્મીને જણાવેલ કે, તું મારો ભાગ અલગ કરાવી દે અને પછી મારા મમ્મીએ ના પાડેલ અને કહેલ કે, તમારા ભાઈઓ ભાગની લપમાં હું પડવા માગતી નથી. ત્યારબાદ મારા મામા ગુસ્સે થયેલા અને ગાળો આપી અને મારા મારી કરવા લાગેલ. આ મારા મારી લાકડીથી કરેલ તેવું મારા માતાએ જણાવેલ એ પછી ડોકટરને મળતા તેઓએ જણાવેલ કે, મારી માતાને હાથમાં ફ્રેકચરની ઈજા થયેલ છે. આ બનાવ બાબતની ફરીયાદ હોસ્પીટલે સ્ટાફને કરેલ હતી અને ત્યાંથી રાણાવાવ પોલીસ સ્ટેશને જવાનું કહેલ હતુ. પોલીસે આ બનાવ બાબતે મારી પુછપરછ કરી અને મારૂ નિવેદન લીધેલ હતુ. આરોપીને ઓળખુ છુ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

**જયારે એ ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** કહેવાતો બનાવ બનેલ ત્યારે હું હાજર ન હતો તેથી કઈ રીતે બનાવ બનેલો તેની મને અંગત જાત માહીતી નથી. તા.૧૭/૦૩/૨૩ ના રોજ મારી માતાએ કોઈ ફરીયાદ કરેલ નથી. દોલતગઢ ગામે મારા નાનાના નામની ખેતીની જમીન આવેલ હતી. તેમના અવસાન પછી તેમના વારસદારોના નામે વારસાઈ એન્ટ્રી પડેલી. મારે કુલ-૪ મામા છે. મારા મામાઓ ના કબ્જામાં આવેલ જમીનમા ભાગ અંગે બન્ને બહેનો એ તેમનો હકક જતો કરેલ છે. મને કયાં ફોન નંબર ઉપરથી કયા ફોન નંબર ઉપર ફોન આવેલો તથા હું પોરબંદર મુકામે કેટલા વાગ્યે આવેલ તે પણ મારા નિવેદન માં લખેલ નથી. મારા નિવેદનમાં આરોપી શું ગાળો બોલેલા તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

એ **હકીકત નો ઈન્કાર કરેલ છે કે,** આરોપીએ મારી માતાએ કોઈ પણ જાતનો માર મારેલ નથી પરંતુ મારી માતાને તેમના પિતાની જમીન માંથી ભાગ જોતો હોય તેથી આરોપી વિરૂઘ્ધ મારી માતાએ ખોટી ફરીયાદ કરેલ છે.

(૮.૩). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ વિરમભાઈ અરજણભાઈ ડાકીને આંક-૧૪ થી</u>** સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, સોથી નાની બેન મોતીબેન ભાવનગર મુકામે સાસરે રહે છે. અમારી ખેતીની જમીન દોલતગઢ ગામે આવેલ છે અને આ જમીન સાડા પાંચ વીઘા અમારા ચારેય ભાઈઓના નામે આવેલી છે. મોતીબેન સાથેનો બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ બનેલ હતો. બનાવમાં અમો વાડીએ હતા અને અમોને રાડો (સહકા) સંભળાયેલ જેથી અમો અમારી વાડીએ આવેલા હતા. વાડીએ આવેલ ત્યારે મોતીબેન અને રામભાઈ રકઝક કરતા હતા. ત્યારબાદ મે રામભાઈને પુછેલ કે શું થયુ ? પછી રામભાઈએ જણાવેલ કે, અમારે બેન ભાઈને જમીનની કાઈશ (વાંધો) છે. આને જમીનના

ભાગનો વાંધો રહેલ હતો. ત્યારબાદ અમોએ મોતીબેનને પુછેલ તો તેઓએ કહેલ કે, મને રામભાઇએ મારેલ છે. આ માર લાકડીથી મારેલ હતો. પછી કોઈએ ૧૦૦ નબરને ફોન કરેલ હતો અને ૧૦૮ ને બોલાવેલ હતી. ત્યારબાદ નણંદ (મોતીબેન) તથા ભોજાઈ (લીલુબેન) સરકારી દવાખાને પોરબંદર ગયેલ હતા. અમોને જાણવા મળેલ કે, મોતીબેનને હાથના ભાગે ફેકચરની ઈજા થયેલ હતી. ૧૦૦ નંબર વાળા પણ આવેલ હતા અને રામભાઈ ને ઉપાડી ગયેલ. આ રામભાઈ ઉપર દારૂનો તથા બાધવાનો કેસ થયેલ હતો. આરોપીને હું જોઈને ઓળખુ છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** આ કામના ફરીયાદી મારા બહેન થાય છે. દોલતગઢ ગામે આવેલી જમીન વારસાગત જમીન માં ભાગ પડી ગયેલ છે પરંતુ ખાતે થયેલ નથી. અમો ચારેય ભાઈઓએ અમારી બેનને કોઈ ભાગ આપેલ નથી. બનાવ વખતે હું મારી વાડીએ કામ કરતો હતો. મારી સરતપાસમાં જણાવેલી હકીકત ''બનાવમાં અમો વાડીએ હતા અને અમોને શકો(સહકા) સંભળાયેલ જેથી અમો અમારી વાડીએ આવેલા હતા વાડીએ આવેલા ત્યારે મોતીબેન અને સમભાઈ રકઝક કરતા હતા ત્યારબાદ મે રામભાઈને પુછેલ કે શું થયુ ? પછી રામભાઈએ જણાવેલ કે, અમારે બેન ભાઈને જમીનની કાઈશ(વાંધો) છે. આને જમીનના ભાગના વાંધા રહેલ હતો " તેવું મે મારા નિવેદનમાં લખાવેલ નથી. અમારી બહેનોએ રાજીખુશીથી જમીનમાથી પોતાનો હકક જતો કરેલો. રામભાઈ પાસે એવી કોઈ જમીન ન હતી જેમા મોતીબેનનો ભાગ થતો હોય. મોતીબેન અને અમારે ભાઈઓ વચ્ચે જમીનના ભાગ બાબતે કોઈ વાંધા ચાલતા હોય તે અંગેના કોઈ કેસો થયેલા નથી. રામભાઈએ મોતીબેનને મારતા હોય કે ગાળો આપતા હોય તેવુ મે નજરે જોયેલ

નથી. મારા ભાઈ મોહનભાઈ તેની વાડીએ રહે છે અને મોહનભાઈ અને અમારી એક જ વાડી છે અને બાજુ બાજુમા રહીએ છીએ.

**એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે** આરોપીએ મારી બહેનને કોઈ પણ જાતનો માર મારેલ નથી, પરંતુ મારા ભાઈ મોહનભાઈને તથા મારે રામભાઈ સાથે વાઘો ચાલતો હોય તેથી મારી બહેન પાસેથી આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરાવેલ છે.

(૮.૪). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ રાંભીબેન વિરમભાઈ ડાકીને આંક-૧૫ થી</u>** સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, મોતીબેન મારા નણંદ થાય છે તેણી હાલ ભાવનગર રહે છે. મોતીબેન સાથે જે બનાવ બનેલો તે ગયા વર્ષે ધાણાની મોસમ વખતે થયેલ હતો. મોતીબેન તેના નાનાભાઈ મોહનભાઈના ઘરે આંટો દેવા આવેલ હતા. અમો તથા મોહનભાઈ બાજુ-બાજુમાં રહીએ છીએ. આ બનાવ બનેલ ત્યારે હું ભેંસોને નીરણ નાખવા ગયેલ હતી. ત્યારે મોતીબેન રાડો નાખવા મંડેલ, જેથી મને ખબર પડેલ અને અમોએ તેને ઓસરીમાં બેસાડેલ. મોતીબેનને રામભાઈ એ કેટલા ઘા મારેલા તે ખબર નથી પણ મારેલ. એ બંને ભાઈ-બહેન વચ્ચે શું ઝઘડો થયેલો તેની મને ખબર નથી. મોતીબેનને શેના વડે મારેલ તેની પણ મને ખબર નથી. મોતીબેને ૧૦૦ નંબર ને ફોન કરેલ હતો. ત્યારબાદ ૧૦૦ નંબર વાળા આવેલ અને રામભાઈને લઈ ગયેલ. મોતીબેનને રીક્ષામાં દવાખાને લઈ ગયેલા. મોતીબેનને હાથમાં બંગડી ભાંગી ગયેલ હતી અને હાથ મરડાઈ ગયેલ હતો અને હાથમાં ઈજા થયેલ હતી તેવું મને જાણવા મળેલ. હું અભણ છુ. આરોપીને જોઈને ઓળખુ છુ. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

**જ્યારે બચાવપક્ષ ની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,**

કહેવાતા બનાવના દિવસે હું સવારના પોરબંદર ગયેલ અને ત્યાંથી બપોરના બે વાગ્યે પરત આવેલ. હું ભેંસને નીરણ નાખવા ગયેલ હોવ જેથી કહેવાતા બનાવમાં શું બનેલ તેની મને ખબર નથી. હું નીરણ નાખીને પરત આવી તે બાદ મે વિરમભાઈ (મારા પતિ) ને બોલાવતા, તે આવેલા. હું નીરણ નાખીને પરત આવી ત્યારે બનાવ સ્થળે હું એકલી હતી બીજા કોઈ ન હતા. મે મારા ઘરવાળાને અવાજ કરીને બોલાવેલા અને તે આવેલા તે વખતે બનાવ સ્થળે હું અને મારા ઘરવાળા સિવાય બીજા કોઈ ન હતા. અમો અને અમારા પતિ એકલા હતા ત્યારે મોતીબેનને મારો દિયરનો છોકરો પ્રીન્સ ભણીને ઘરે આવેલો ત્યારે તેને ૧૦૦ નંબરને ફોન કરવાનું કહેતા તેણે ફોન કરી આપેલો. બનાવના દિવસે મોતીબેન સારવાર માટે ગયેલા જ નહી, પરંતુ બનાવના બીજા દિવસે મોતીબેનનો હાથ સોજી જતા રીક્ષામાં સારવાર માટે ગયેલા. કહેવાતો બનાવ બન્યો ત્યારથી લઈ બીજા દિવસ સુધી મોતીબેન વાડીએ જ હતા. મોતીબેન બનાવના બીજા દિવસે તેનો દિકરો આવેલો તેની સાથે દવાખાને ગયેલા. મોતીબેન દવાખાને ગયેલા તે વખતે તેની સાથે તેના દિકરા સિવાય બીજા કોઈ વ્યકિત ગયેલા નહી. રામભાઈએ મોતીબેનને માર મારેલ હોય તેવું મે નજરે જોયેલ નથી.

એ **હકીકતોનો ઈન્કાર કરેલ છે કે,** મે સરતપાસમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં મારી નણંદે રામભાઈ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોય, જેથી તેની ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૮.૫). આ કામે ફરીયાદપક્ષ તરફે <u>**સાહેદ મોહનભાઈ અરજણભાઈ ડાકીને આંક–૧૯ થી**</u> સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, અમો ચાર ભાઈઓ અને બે બહેન છે. અમારી ખેતીની જમીન દોલતગઢ ગામે આવેલ છે અને આ જમીન અમારા ચારેય ભાઈઓના નામે આવેલી છે. મોતીબેન સાથેનો બનાવ

આશરે એકાદ વર્ષ અગાઉ બનેલ હતો. બનાવમાં અમો ગામમાં હતા. આ બનાવ બપોરના બે ત્રણ વાગ્યે બનેલ હતો. અમોને બનાવ વિશે છોકરાએ કહેલ કે, વાડીએ બાધે છે, હાલો. જેથી અમો વાડીએ ગયેલ હતા. બનાવમાં રામભાઈ અને મોતીબેન બાંધેલ હતા અને મારા મારી થયેલ હતી. આ મારા મારીમાં બહેન એવું કહેતા હતા કે લાગેલ છે. તેમને હાથમાં દુ:ખાવો થતો હતો. બનાવમાં બેન ભાઈ ઝપાઝપી કરતા હતા કોણે મારેલ તે મેં જોયેલ નથી. આ બંને બેન ભાઈ કઈ બાબતમાંથી બાધેલ તે મને ખબર નથી. અમારી બેનને પોરબંદર સરકારી દવાખાને લઈ ગયેલ હતા. કેમા લઈ ગયેલ તે ખાસ ખબર નથી પણ કદાચ ૧૦૮ માં લઈ ગયેલ હતા. અમો જયારે ગામમાં હતા ત્યારે મારા દિકરા પ્રિન્સએ બનાવ બાબતે જાણ કરેલ હતી. અમારા બેન મોતીબેન મારી ઘરે આટો દેવા આવેલ હતા. મારી બેનને શેના વડે માર મારેલ તે મને જાણવા મળેલ નહી. મોતીબેનને સરકારી હોસ્પીટલે સારવાર માટે લઈ ગયેલ ત્યારે તેમની સાથે મારા પત્ની લીલુબેન ગયેલ હતા. દવાખાનેથી મારા બેનને શું ઈજા થયેલી તેની મને ખબર નથી. બનાવ બનેલ ત્યારે રામભાઈ ઉપર બીજો કોઈ કેસ થયેલ ન હતો. આ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતા તેઓને વિ.એ.પી.પી. શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી.

**જયારે બચાવપક્ષ ની ઉલટતપાસમાં એ હકીકતન સ્વીકાર કરેલ છે કે,** દોલતગઢ ગામે આવેલી જમીન વારસાગત જમીન છે. આ જમીનની અંદર રેવન્યુ રેકર્ડમાં અમારા ચાર ભાઈઓ તથા મારી માતાનું નામ આવેલ છે. તેમાં અમારી બહેનોના નામ લખેલ નથી. રામભાઈ પાસે એવી કોઈ જમીન ન હતી જેમા મોતીબેનનો ભાગ થતો હોય. મોતીબેન અને અમારે ભાઈઓ વચ્ચે જમીનના ભાગ

બાબતે કોઈ વાંધા ચાલતા હોય તે અંગેના કોઈ કેસો થયેલા નથી. અમારે ચારેય ભાઈઓને જમીનના ભાગ બાબતે કોઈ વાંધા ચાલતા હોય તેવું નથી. રામભાઈએ મોતીબેનને મારતા હોય કે ગાળો આપતા હોય તેવું મે નજરે જોયેલ નથી.

(૮.૬). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ લીલુબેન મોહનભાઈ ડાકીને આંક-૨૦ થી</u>** સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, મોતીબેન મારા નંણદ થાય છે. તેઓ ભાવનગર રહે છે. મોતીબેન સાથેનો બનાવને આશરે એકાદ વર્ષ જેવું બનેલ હશે. બનાવમાં મોતીબેનને તેમના મોટાભાઈ રામભાઈએ હાથમાં મારેલનું મોતીબેન એ જણાવેલ. મોતીબેનએ કહેલ કે, તેઓને લાકડીથી મારેલ છે. આ મારામારી થઈ ત્યારે અમો ગામમાં હતા. અમોને અમારો છોકરો પ્રિન્સ બોલાવવા આવેલ હતો. તેઓએ જણાવેલ કે, વાડીએ બાયધા છે અને કહેલ કે, મોતીબેન એકલા છે અને રડે છે અને તેમને રામભાઈએ મારેલ છે તેવી હકિકત જણાવેલ હતી. તેથી અમો વાડીએ ગયેલ હતા અને અમોએ જોયેલ કે, મોતીબેન રડતા હતા. મોતીબેનને દવાખાને જવાનું કહેતા તેઓએ કહેલ કે હમણા નથી જવું. ત્યારબાદ તેમને પોરબંદર ભાવસિંહજી દવાખાને૧૦૮ માં લઈ ગયેલ હતા. તેમની સાથે ૧૦૮ માં હું પણ ગયેલ હતી. ભાવસિંહજી હોસ્પીટલે ડોકટરે સારવાર આપેલ. તેઓને આંગળીમાં લોહી નીકળતા હતા. આ મારામારી કયા કારણે થયેલ તેની મને ખબર નથી, તે બંને બેન ભાઈ બાધેલ હતા. મોતીબેનએ એવું જણાવેલ કે, તેમને લાકડી વડે મારેલ છે. બનાવ વિશે બીજુ કઈ જાણતા નથી.

આરોપીને હું જોઈને ઓળખુ છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** કહેવાતો બનાવ બનેલ ત્યારે હું ઘરે હાજર ન હતી તેથી બનાવ શું બનેલ તેની

મને કોઈ અંગત જાત માહિતી નથી કે, મે બનાવ નજરે જોયેલ નથી. રામભાઈએ મોતીબેનને મારતા હોય કે ગાળો આપતા હોય તેવું મે નજરે જોયેલ નથી.

(૮.૭). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>સાહેદ ડો.વિપુલ નાનાલાલ મોઢાને આંક–૨૧ થી</u>** સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, હું ગઈ તા.૧૭/૦૩/૨૦૨૩ના રોજ પોરબંદર ભાવસિંહજી હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતા ત્યારે સાંજે ૦૭/૦૫ વાગ્યે પોલીસ યાદી વગર દર્દી મોતીબેન અરજણભાઈ સગારકા, ઉ.વ.૬૫, રહે.દોલતગઢવાળાને લીલુબેન મોહનભાઈ ડાકી સારવાર માટે લઈ આવેલા. દર્દીને પુછતા જણાવેલ કે, દર્દી સભાન અવસ્થામાં હતા તેણીને પુછતા દોલતગઢ વાડી વિસ્તારમાં આશરે બપોરે ૦૪–૩૦ કલાકે રામા અરજણ ડાકીએ લાકડી વડે માર મારેલો હતો, તેણીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.

**ઈજા નં.** (૧) તેણીને જમણા હાથ ઉપર વચ્ચેનાં ભાગે સામાન્ય સોજો હતો.
**ઈજા નં.** (૨) તેણીનાં ડાબા હાથના પંજામાં સોજો હતો.
**ઈજા નં.** (૩) તેણીના જમણી જાંઘમાં માર મારેલ છે તેવું કહેલ પરંતુ ઈજાના કોઈ નીશાનો જોવામાં આવતા ન હતા.
**ઈજા નં.** (૪) તેણીના જમણા હાથની પ્રથમ આંગળીમાં છોલાણ જેવું જોવામાં આવેલુ.

ઉપરોકત દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈશકે તેવી હતી. આ ઈજાઓ તાજી હતી. આ દર્દીને અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલા હતા અને ડોકટરની સલાહ વિરૂધ્ધ તા.૧૯/૦૩/૨૦૨૩નાં રોજ સાંજે ૧૦:૫૦ મીનીટે ચાલ્યા ગયેલા હતા.

આ દર્દીને એકસ–રે માટેનું સજેશન કરવામાં આવેલ હતુ પંરતુ રેડીયોલોજીસ્ટ રજા ઉપર હોઈ અને તે આવે તે પહેલા આ દર્દી ચાલ્યા ગયેલા

હતા.

આ દર્દીને ઈજા અંગેનુ સર્ટીફીકેટ મેં મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલુ છે, જે સર્ટીફીકેટ **આંક-૨૨** માં પોતાની સહી તથા મેડીકલ ઓફીસર જનરલ હોસ્પીટલ પોરબંદરનો સીકકો મારેલ છે જે ઓળખી બતાવેલ છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** મેડીકલ સર્ટી.માં ઈજા પામનાર ૧૦૮મા આવેલા હોય તેવો કોઈ ઉલ્લેખ કરેલો નથી. કોઈપણ ઈજા પામનાર વ્યકિત ૧૦૮માં આવે તો તેની નોંધ રાખવામાં આવે છે. દર્દીને ઈજાઓ પથરાળ જમીનમાં પડવાથી પણ થઈ શકે.

(૮.૮). આ કામે ફરીયાદપક્ષ તરફે **<u>પોલીસ સાહેદ નરેન્દ્રભાઈ ત્રિકમભાઈ ભટ્ટને આંક-૨૩ થી</u>** સોગંદ ઉપર તપાસેલ તેમા જણાવેલ છે કે, તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ અમો પો.હેડ કોન્સ. તરીકે હોસ્પીટલ ડયુટીમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન અમોને હોસ્પીટલ દ્વારા જાણ કરતાં અમો ભાવસિંહજી હોસ્પીટલે ગયેલ. જયાં મોતીબેન વાઈફ ઓફ અરજણભાઈ સાગરકા, ઉ.વર્ષ આ.૬૫, ધં. ઘરકામ, રહે.ભાવનગરવાળાઓ ને પુછપરછ કરતાં તેઓએ જણાવેલ કે, તેઓ દોલતગઢ રહેતા તેમનાં ભાઈ મોહનભાઈ ડાકીનાં ઘરે આંટો દેવા આવેલ હતા અને ત્યાં રોકાયેલ હતા અને તા.૧૭/૦૩/૨૦૨૩નાં રોજ તેમનાં ભાઈ રામા અરજણ ડાકી મોહનભાઈની વાડીએ આવીને ફરીયાદીને કહેલ કે, તું જમીનમાં ભાગ અપાવ જેથી ફરીયાદીએ કહેલ કે, મારે માથાકુટમાં પડવું નથી અને ત્યારબાદ સાંજનાં સાડા ચારેક વાગ્યે તેમનાં ભાઈ રામાભાઈ ફરીવાર મોહનભાઈની વાડીએ આવેલા અને ફરીયાદીને ગાળો દેવા લાગેલા અને લાકડી વડે તેમને માર મારેલો જેથી મોહનભાઈનાં પત્નીએ છોડાવેલ અને ત્યાં આજુબાજુમાં માણસો ભેગા થતા રામાભાઈ ત્યાંથી ચાલ્યા ગયેલા અને જો

પોલીસમાં ફરીયાદ કરીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા ગયેલા અને તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં અહી સારવાર માટે લાવેલ. આ મુજબની ફરીયાદ અમારી સમક્ષ લખાવતા હોય જે મુજબની અમોએ ફરીયાદ લખી લીધેલ અને મોતીબેન અરજણભાઈ સાગરકા નાંઓની મારા રૂબરૂની સહી લેવડાવેલ તેમજ અમોએ સહી કરેલ. જે આંક– ૦૮ વાળી અસલ ફરીયાદ આજરોજ અમોને બતાવવામાં આવે છે તે તે જ છે. જેમાં મારી તથા આ કામના ફરીયાદીની સહી છે જે હું ઓળખી બતાવુ છુ. ત્યારબાદ તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ અમોએ કમલાબાગ પો.સ્ટે.ને હાલનો બનાવ રાણાવાવ પોલીસ સ્ટેશનનો હોય જે અંગેનો પત્ર લખેલ જે અસલ પત્ર **આંક–૨૪** માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેમજ આ કામે ભાવસિંહજી હોસ્પીટલના મેડીકલ ×ઘઘઓફીસરને સારવાર સર્ટી.રાણાવાવ પોલીસ સ્ટેશનએ મોકલી આપવા વિનંતિ પત્ર અમોએ કરેલ. જે અસલ પત્ર **આંક–૨૫** માં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,** આંક–૦૮ વાળી ફરીયાદમાં અમોએ કયારે ફરીયાદ લીધેલ તેનો કોઈ સમય નાખેલ નથી. કોઈ પણ ફરીયાદ લઈએ તેની નકલ ફરીયાદીને આપવી પડે. કોઈ પણ ફરીયાદ ફરીયાદી ને તેની નકલ આપીને ફરીયાદમાં નોંધ કરી તેની નીચે સહી લેવી પડે.આંક–૦૮ માં આવી કોઈ નોંધ કે સહી નથી.આંક–૨૪ કમલાબાગ પો.સ્ટે.ને લખેલ પત્ર છે તેમાં કોઈ ફરીયાદ લઈને મોકલતા હોય તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

એ **હકીકતનો ઈન્કાર કરેલ છે કે,**અમોએ અમારી રીતે ફરીયાદીની ફરીયાદ લખેલ છે.

(૮.૯). આ ગુનાની તપાસ કરનાર અમલદાર **<u>હરદાસભાઈ વરજાંગભાઈ કનારાને આંક–૨૭</u>** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, અમો ગઈ તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજ અમો રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પો.હેડ કોન્સ તરીકે મારી ફરજ પર હતા. આ દરમ્યાન રાણાવાવ પો.સ્ટે.નાં ગુ.ર.નં.પાર્ટ–એ ૧૫૭/૨૦૨૩, આઈ.પી.સી કલમ–૩૨૩, ૩૨૫,૫૦૪ વિ. મુજબના ગુનાની આગળની તપાસ અમારા તરફ લેખીત હુકમથી કરતા તપાસ સંભાળેલ તપાસનાં કામે લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા તેમજ તપાસનાં કામે બનાવવાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામું કરેલ, જે આંક–૧૧ વાળુ બનાવવાળી જગ્યાના પંચનામામાં પંચોની અને રૂબરૂપણા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આ કામે ઈજા પામનાર ફરીયાદીનુ ભાવસિહજી હોસ્પિટલ પોરબંદર ખાતેથી સારવાર સર્ટી મેળવવા બાબતે રીપોર્ટ તૈયાર કરેલ જે રીપોર્ટની સ્થળપ્રત **આંક–૨૯** માં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને ભાવસિહજી હોસ્પી.ખાતેથી સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ, આંક–૨૨ વાળુ મેડીકલ સર્ટી બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ છે. જે હુ ઓળખી શકુ.

ત્યારબાદ આ કામના આરોપીની ધોરણસર અટક કરેલ અને આરોપી ગુનાના કામે વાપરેલ લાકડી રજુ કરતા હોય જે લાકડી કબ્જે કરેલ અને તે અંગેની મુ.પા. તૈયાર કરેલ.આજરોજ અમોને કોર્ટ રેકર્ડ માંથી આંક–૨ વાળી મુ.પા. બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ છે. જે હુ ઓળખી શકુ. અને આરોપીની અટક/મુદામલ કબ્જે કર્યા અંગેનુ બે પંચોની હાજરીમાં પંચનામુ તૈયાર કરેલ જે અસલ પંચનામુ આજરોજ અમોને કોર્ટ રેકર્ડ માંથી આંક–૧૭ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ છે. જે હુ

ઓળખી શકુ.જેમાં મારા રૂબરૂ મારી તથા બે પંચોની સહી છે જે હુ ઓળખુ છુ.

ત્યારબાદ પોરબંદર જીલ્લા મેજી. નું હથીયાર બંધી અંગેનું જાહેરનામું અમલમાં હોય જે જાહેરનામાની નકલ મેળવી ખરી નકલ કરી તપાસનાં કામે સામેલ રાખેલ જે ખરી નકલ આજરોજ અમોને બતાવવામાં આવે છે જે હું ઓળખું છુ જે આ કામે રજુ **દાખલ આંક–૩૦.** મને મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ છું ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આ કામનાં આરોપીને જોઈને ઓળખી શકુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે.

**જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** મને તપાસના કામે મળેલી ફરીયાદ તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજની ફરીયાદ નથી. મને તપાસના કામે મળેલી ફરીયાદ રાણાવાવ પોલીસ સ્ટે.માં કરવામાં આવેલી ફરીયાદ નથી. મને મળેલી ફરીયાદમાં એવી હકીકત લખેલી ન હતી કે ફરીયાદીએ કહેલ હોય કે મારા હાથમાં કઈ નથી તમો ભાઈઓ ભાઈઓ સમજી લો અને ભાગ પાડી લો.મને મળેલી ફરીયાદમાં એવી હકીકત પણ લખેલ ન હતી કે મને બે હાથમાં છાતીમાં તથા વાસાના ભાગે માર મારેલ હતો. મને મળેલી ફરીયાદમાં એવી હકીકત પણ લખેલ ન હતી કે ફરીયાદીને ડાબા હાથની આંગળી તુટી ગયેલ અને મારા મારતા મને મોહનભાઈ તથા લીલુ બેન આવેલા અને જુદા પાડેલા. સ્થાનીક જગ્યાના પંચનામામા બનાવવાળા સ્થળના શેઢે આરોપીના નામનુ ખેતર આવેલ હોય તેવુ જણાવેલ નથી. વિરમભાઈના નીવેદનમાં તેઓએ એવી હકીકત લખાવેલ નથી કે બનાવમાં અમો વાડીએ હતા અને અમોને સહકો સંભળાયેલ જેથી અમો અમારી વાડીએ આવેલ હતા તે સમયે મોતીબેન અને રામભાઈ રકજક કરતા હતા ત્યારબાદ તેઓ

એ રામભાઈને પુછેક કે શુ થયુ પછી રામભાઈએ જણાવેલ કે અમારે બેન–ભાઈ ને જમીનની કાશ (વાંધો) છે અને જમીનના ભાગનો વાંધો રહેલ હતો.જાહેરનામુ પ્રસિધ્ધ કર્યા અંગેનો કોઈ પુરાવો ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. મારી આખી તપાસમાં આરોપી શુ ગાળો બોલેલા તેવુ કંઈ સ્પષ્ટ જણાવેલ નથી.

એ **હકીકતોનો ઈન્કાર કરેલ છે કે,** અમોએ પંચો રૂબરૂ પંચનામા કરેલ નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી તૈયાર પંચનામામા પંચો ની સહીઓ લેવામા આવેલ છે. સાહેદોનાં નિવેદનો સાહેદનાં નામ ઠામ પુછી મારી રીતે ફરીયાદને અનુરૂપ લખી લીધેલા છે. બનાવવાળા સ્થળે હું કયારેય ગયેલ નથી કે બનાવવાળા સ્થળે કોઈ પંચનામું કરવામાં આવેલ નથી.

(૯). હવે, આ કામે પુરાવા નુ વિષ્લેષણ તથા મુલ્યાંકન કરતા પહેલા કાયદા ની જોગવાઈયો ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ ની છે.

**ઈ.પી.કો. કલમ ૩૧૯ માં વ્યથાની વ્યાખ્યા ધ્યાને લેતા** " જે કોઈ વ્યકિત,બીજી કોઈ વ્યકિતને શારીરીક પીડા,રોગ કે અશકિત ઉપજાવે તેવુ કૃત્ય વ્યથા કહેવાય."

**ઈ.પી.કો. કલમ–૩૨૧. સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરવી:–** " સ્વેચ્છાપૂર્વક વ્યથા જે કૃત્યનુ પરિણામ પોતે જાણવા સક્ષમ હોય તેમ છતા ઈરાદાપૂર્વક તે કૃત્ય કરીને કોઈને વ્યથા કરે તો તે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરી કહેવાય."

**ઈ.પી.કો.કલમ–૩૯ સ્વૈચ્છાપૂર્વક**:– "કોઈ વ્યકિત એવા સાધનો વડે કોઈ પરીણામ નિપજાવે કે જેનાથી તે નિપજાવવાનો તેનો ઈરોદો હોય અથવા વાપરતી વેળા તે જાણતો હોય અથવા તેને માનવાને કારણ હોય કે તેથી તેવુ પરીણામ નિપજાવવાનો સંભવ છે ત્યારે તેણે સ્વૈચ્છાપૂર્વક તે પરીણામ નિપજાવ્યુ કહેવાય."

**323. Punishment for voluntarily causing hurt** — Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be

punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**325. Punishment for voluntarily causing grievous hurt -** Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

## પુરાવા નું પ્રથ્થકરણ, વિશ્લેષણ અને મુલ્યાંકન :-

**(૯.૧).** આમ, સબબ ગુનાના કામે ફરીયાદપક્ષના પુરાવાનુ વિશ્લેષણ કરતા પહેલા આ અગત્યની હકીકત નોંધવી જરૂરી જણાય છે કે કોર્ટે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે તેથી તે લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. આ તબકકે એ પણ નોંધવુ આવશ્યક માનુ છુ કે, કોઈપણ બનાવ નો ભોગ બનનાર હોય તેને ન્યાય લેવા માટે સૌપ્રથમ સારવાર એજન્સી ઉપર આધાર રાખવો પડે છે ત્યાર બાદ અન્વેષણ એજન્સી ઉપર એટલે કે, પોલીસ એજન્સી ઉપર આધાર રાખવો પડે છે અને ત્યાર બાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સી ઈરાદા સહીત કે ઈરાદા વગરની કોઈ ભુલ કરે તો તેનો ભોગ ખરેખર ભોગ બનનારને બનવુ ન પડે તે પણ પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કોર્ટને જોવાની ફરજ છે.

*In the case of* ***Koli Bhopa Premji Vs. State - 2004 (1) GLR 592.*** *Hon'ble High court has held that, " The human mind is an imperfect instrument which in attempting to grasp facts, unconsciously twists and turns them often. A witness cannot be*

*expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on a mental screen. It so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which often has an element of surprise. The mental faculties therefore, cannot be expected to be attuned to absorb the details. Different witnesses react differently under different situations, whereas some become speechless, some start wailing, while some others run away from the scene and yet, there are some who may come forward with courage, conviction and belief that the wrong should be remedied. There cannot be any set pattern of uniform rule of human reaction and to discard a piece of evidence on the ground of his reaction not falling within a set pattern, is unproductive and a pedantic exercise.* & In the case of **Bhupendra sharma Vs. State of H.P.- 2004(1) GLR 761 (SC)** Hon'ble court has held that, "The evidence cannot be read in piecemeal and defense cannot take advantage of reading some one or two portions here and there from evidence of witness. The evidence is required to be read as a whole and thereafter, it is required to be weighed and appraised."

**(૯.૨).** આમ, આ કામે નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત રાજ્ય ની વડી અદાલત દ્વારા ઉપરોકત ચુકાદાઓ પ્રસ્થાપિત કર્યા મુજબ

ફરીયાદી તથા સાહેદ ફોટોગ્રાફીક મેમોરી ની માફક જેમ ની તેમ ફરીયાદ હકીકત મુજબ જુબાની આપી શકે નહી અને પુરાવા નો સંપુર્ણ ભાગ વંચાણે લઈ પુરાવા ની મુલવણી કરી ને નિર્ણય કરવાનો હોય છે. સદર કેસમાં આવેલ પુરાવા નું મુલ્યાંકન કરતા આ કામે, ફરીયાદી **શ્રીમતિ મોતીબેન અરજણભાઈ સગારકા** તથા ફરીયાદપક્ષના અન્ય સાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો પાંચેક મહીના અગાઉ દોલતગઢ મુકામે કલાક ૧૬:૩૦ વાગ્યાના અરસામાં મોહનભાઈ અરજનભાઈ ડાકી ની વાડી માં, આરોપીએ ફરીયાદી ને ભાઈઓ વચ્ચે જમીનમાં ભાગ આપવાની બાબત માં સમાધાન કરાવવા બાબતે તકરાર કરી લાકડી વડે શરીરે આડેધડ તાથા જમણા હાથમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા કરેલ છે. ફરીયાદી ભાવસિંહજી હોસ્પીટલ, પોરબંદર માં સારવાર લીધેલ હતી અને અંદર ના દર્દી તરીકે સારવાર લીધેલ. આમ, આ હકીકત ફરીયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા થી સાબિત કરેલ છે.

ફરીયાદી **શ્રીમતિ મોતીબેન અરજણભાઈ સગારકા** ને શરીરે થયેલ ઈજાઓ અંગે ફરીયાદપક્ષે મૌખિક પુરાવો આપેલ છે અને ઉપરોકત મોખિક પુરાવાના સમર્થનમાં ડોકટરશ્રી એ અભિપ્રાય આપીને જણાવેલ છે કે ફરીયાદીને દોલતગઢ વાડી વિસ્તારમાં આશરે બપોરે ૦૪:૩૦ કલાકે રામા અરજણ ડાકીએ લાકડી વડે માર મારેલ હતો જેમાં ફરીયાદીને જમણા હાથ ઉપર તથા ડાબા હાથના પંજામાં સોજો હતો તેમજ જમણા હાથની પ્રથમ આંગણીમાં છોલાણ જેવી ઈજાઓ જોવા મળેલ હતી. આ ઈજાઓ કઠણ અને સખત પદાર્થ થી મારવામાં આવે તો થઈ શકે તેવી હતી. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Pruthiviraj Jayantibhai Vanol Vs Dinesh Dayabhai Vala, 2021 (0) AIJEL-SC 67533.** અભિનિર્ધારીત કરેલ છે કે, " **17.**Ocular evidence is considered the best evidence unless there are reasons to doubt it. The

evidence of PW2 and PW10 is unimpeachable. It is only in a case where there is a gross contradiction between medical evidence and oral evidence, and the medical evidence makes the ocular testimony improbable and rules out all possibility of ocular evidence being true, the ocular evidence may be disbelieved. In the present case, we find no inconsistency between the ocular and medical evidence."

આમ ડોકટર શ્રી એ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૪૬ મુજબ ફરીયાદી ને બનાવ માં થયેલ ઈજાઓ ને સમર્થનકારી પુરાવો આપેલ છે તેથી આ સમર્થનકારી પુરાવા ના આધારે આરોપી ને શિક્ષા કરી શકાય તેવુ નામદાર વડી અદાલતે ઠરાવેલ છે.

**(૯.૩).** આમ, ફરીયાદપક્ષ નો સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામ ના આરોપી એ ફરીયાદી ને ઈરાદાપૂર્વક લાકડી વડે, ક્રત્યનુ પરીણામ જાણતા હોવા છતા એટલે કે લાકડી વડે માર મારવા થી કોઈ ને ઈજાઓ સંભવી શકે છે તેવુ જાણતા હોવા છતા, ફરીયાદી ને લાકડી વડે હાથ માં ઈજાઓ કરી શારીરીક પીડા નિપજાવી, સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરેલ છે તેવુ આ અદાલત નુ સ્પષ્ટ પણે માનવુ છે. આમ ફરીયાદપક્ષે ફરીયાદ હકીકત તથા ઈ.પી.કો. કલમ–૩૧૯, ૩૨૦, ૩૨૩, ૩૨૫ ના તત્વો નિશંકપણે પુરવાર કરેલ છે તેથી **મુદ્દા નં.૦૧** નો જવાબ હું હકારમાં આપુ છું.

**(૧૦). મુદ્દા ન.૦૨ :–** મુદા નંબર–૦૨ ની ચર્ચા કરીયે તો તેમા ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવાનુ છે કે**, તમો આરોપી ઉપરોકત બનાવના સમયે અને સ્થળે ફરીયાદી ને તમો જમીનમાં થી ભાગ અપાવો તેમ કહી, ગાળો દઈ જાન થી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬ (૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?** આમ ફરીયાદપક્ષ નો પુરાવો વંચાણમાં લેતા આ કામના અરોપીએ ફરીયાદી

ને લાકડી વડે માર મારી ડાબા હાથ ની આંગળી માં ફેકચર ની મહાવ્યથા કરેલ છે પરંતુ આરોપીએ ફરીયાદી ને બનાવ સમયે શું અપમાનજનક શબ્દો બોલેલા તે ફરીયાદપક્ષ જુબાની માં જણાવેલ નથી તે હકીકત પુરવાર કરી શકેલ નહી. વધુમાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે''**પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત '' ૨૦૦૭ (૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭** ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, *In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on Record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence.*

ફરીયાદપક્ષ નો પુરાવો તથા ઈ. પી. કો. કલમ–૫૦૬ (૨) ના તત્વો ધ્યાને લેવામાં આવે તો આરોપી એ બનાવ ના સ્થળે અને સમયે ફરીયાદી ને જાનથી મારી નાંખવાની ધમકીઓ તથા ગુનાહિત ધમકીઓ આપીને ભય તથા ત્રાસ આપેલ છે પરંતુ બનાવ બન્યા પછી ફરીયાદી સતત ભય માં રહેલ હોય કે આપેલ ધમકીઓ થી તેઓ નુ નિયમિત કામકાજ ભય ના કારણે થયેલ ન હોય અને ઘર છોડી ને જતા રહેલ હોય કે કોઈ નુકસાન થયેલ છે કે કેમ તે બાબતનુ ફરીયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ ફરીયાદપક્ષે ઈ.પી.કો કલમ–૫૦૪ તથા કલમ– ૫૦૬ (૨) ના તત્વો નિશંકપણે પુરવાર કરેલ નથી. આમ ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતા **મુધ્દા નં.૦૨** નો જવાબ હું નકારમાં આપુ છું.

**<u>(૧૧). મુધ્દા નં.૦૩ :</u>–** આ મુદદા ની ચર્ચા કરીયે તો તેમા ફરીયાદપક્ષે એવુ પુરવાર કરવાનુ છે કે**, આરોપીએ** ઉપરોકત બનાવના સમયે અને સ્થળે જાહેર માં હથિયાર ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી નો જાહેરનામો ભંગ કરી જી. પી. એકટ

ની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? આમ આ કામમાં ફરીયાદપક્ષ નો પુરાવો વંચાણે લેતા તેમજ જી.પી.એકટ ની કલમ–૧૩૫ ના તત્વો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ ના સાહેદોનુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આરોપીએ બનાવ સમયે ફરિયાદીને જાહેર માં લાકડી વડે માર મારી ઈજાઓ કરેલ છે પરંતુ બનાવ સમયે **આંક–૩૦ વાળુ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી નો કાયમી હથિયારબંધી નો જાહેરનામુ અમલમાં** હતુ કે કેમ તેમજ આ જાહેરનામાં ની પ્રસિધ્ધી કરાવેલ હતી કે કેમ ? તે અંગે ની હકીકત ફરીયાદ પક્ષે હકીકતો નિશંકપણે પુરવાર કરેલ નથી. આમ ફરીયાદપક્ષે આરોપી ઓ વિરૂધ જી.પી. એકટની કલમ–૩૭(૧) ના તત્વો પુરવાર કરેલ ન હોવા થી જી. પી. એકટ ની કલમ–૧૩૫ મુજબ ના ગુનો પુરવાર થયેલ નથી તેથી મુધ્દા નં.૩ નો જવાબ હું નકારમાં આપુ છું.

**(૧૨).** હવે આ ગુના ની દલીલના તબકકે આરોપી ના **વિ.વકીલ શ્રી** ધ્વારા તેઓ ની મોખિક દલીલમાં કેટલાક મુદદાઓ ઉઠાવી આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે તેની ચર્ચા હું સંક્ષિપ્ત માં કરૂં છું.

**(ક).** આરોપી ના વિધ્વાન વકીલશ્રી એ દલીલ કરેલ છે કે આ ગુનાના કામે ગુનાવાળી જગ્યા ના, આરોપી ની અટક તથા મુદદામાલ કબ્જે કર્યા ના પંચનામા ના તમામ પંચ સાહેદો એ ફરીયાદ હકીકત ને સમર્થન આપતો પુરાવો આપેલ નથી જેથી સબબ ગુનો બનવા બાબત શંકા ઉપસ્થિત થાય છે પરંતુ તેઓ ની આ દલીલમાં તથ્ય નથી કારણ કે આ હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત ના In case of **Sajjansing @ Raju Jagdishsinh Pawar Vrs. State of Gujarat,** 2004 (1) GLR 676. Hon’ble High Court held that appreciation of evidence. Section 100 (4) & Sec.102 of CrPC. Panch witness not supporting prosecution case.

Prosecution case cannot be discarded on this ground alone. **State of Gujarat Vs. Satish @ Kalu @ Hathoda Bhikhabhai Patel**, **2006 GLR 1-816. Hon'ble High Court observed in para 32**, " that It is well settled that merely because the panch witnesses do not support the case of the prosecution, the case of the prosecution need not be thrown over-board as unreliable. It must be realized that the phenomenon of panch witnesses turning hostile to the prosecution is not unknown and is ever on the increase. It needs hardly to be emphasised that the decision of a case does not depend solely on the question whether the panch witnesses support the prosecution or turn their back on it. If the decision of the case were to depend solely on the testimony of panch witnesses regardless of the evidence of police officers, in theory, it would be giving a right to veto to the panchas so far as that question of culpability of an accused is concerned, which is not permissible in criminal jurisprudence. It is well settled that without good ground being pointed out, testimony of police officer, if otherwise found to be true and dependable, cannot be discarded by Court on the ground that he is a police officer."

વધુ માં નામદાર ગુજરાત રાજય ની વડી અદાલત ધ્વારા **સજ્જનસીંગ વિરૂધ ગુજરાત રાજય અને ગુજરાત રાજય વિરૂધ સતીશ ઉર્ફે કાલુ ઉર્ફે હથોડા ના** ચુકાદાઓ માં પ્રસ્થાપિત કરેલ છે કે પંચ સાહેદો ધ્વારા પંચનામાઓ ની હકીકતો ને સમર્થન

ન આપવા માત્ર થી ફરીયાદપક્ષ ના અન્ય પુરાવા ને ફેકી દેવાય નહી. ફરીયાદી એ જુબાની માં આરોપી ધ્વારા લાકડી વડે ઈજાઓ કરવામાં આવેલ હતી તે સિવાય ની અન્ય લાકડી ત.ક.અ. ધ્વારા કબ્જે કરેલ હતી પરંતુ ત.ક.અ. ની કોઈ પણ ભુલ નો લાભ બચાવપક્ષ ને મળી શકે નહી. આ કામે પંચ સાહેદો એ તમામ પંચનામા માં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે અને ત. ક. અ. એ આ તમામ પંચનામા પંચો ના લખાવ્યા મુજબ લખી તેઓ અને પંચો રૂબરૂ સહીઓ કરેલ હોવા ની હકીકત જણાવેલ છે. આમ પોલીસ સાહેદના પુરાવા ને નકારી શકાય નહી અને **પોલીસ સાહેદ નો પુરાવો વિશ્વસનીય હોય છે અને પોલીસ સાહેદ ના પુરાવા પર આધાર રાખી શકાય છે** તે રીતે ફરીયાદ પક્ષના કેસ ના તમામ પંચનામાઓ ને યોગ્ય સમર્થન મળે છે.

**(ખ).** આ કામે બચાવપક્ષે દલીલ કરેલ છે કે આ કામે આરોપી એ ગુના માં વાપરેલ લાકડી ને જુબાની માં ઓળખી બતાવેલ નથી અને જણાવેલ છે કે અમોને જે માર મારવામાં આવેલ તે લાકડી મોહનભાઈ ના ઘરે પડેલ છે તેથી આવો કોઈ બનાવ બનેલ નથી પરંતુ તેઓ ની આ દલીલ માં તથ્ય નથી કારણ કે ગુના માં વાપરેલ હથિયાર લાકડી તપાસ ના કામે આરોપી એ જાતે રજુ કરેલ તેથી આરોપી જાતે તેના થી મળતી બીજી કોઈ લાકડી તપાસ ના કામે રજુ કરે તો તે તપાસ ખામી ભરેલ હોવા નુ માની શકાય નહી કારણ કે ફરીયાદી ની જુબાની મુજબ આરોપી એ લાકડી વડે માર મારતા સારવાર લીધેલ તેમા આંગળી માં ફ્રેકચર થયેલ હતુ તે હકીકત ને ન માનવા ને કોઈ કારણ જણાતુ નથી.

આમ સદર હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત નો **Edakkandi Dineshan @ P. Dineshan & Ors. v. State of Kerala, 2025 INSC 28**. Hon'ble Supreme Court recently held that ; "… the principle of law is crystal clear that on the account of defective investigation the

benefit will not inure to the accused persons on that ground alone. It is well within the domain of the courts to consider the rest of the evidence which the prosecution has gathered such as statement of the eyewitnesses, medical report etc. It has been a consistent stand of this court that the accused cannot claim acquittal on the ground of faulty investigation done by the prosecuting agency."

**(ગ).** બચાવપક્ષ તરફે દલીલ કરેલ છે કે ફરીયાદી તથા તેના પુત્ર કે જેઓ હીયર સે સાહેદ છે તે સિવાય સગાભાઈ તથા ભાભી એ ફરીયાદ હકીકત ને સમર્થન આપેલ નથી છે કે જેઓ હિત ધરાવનાર સાક્ષી હોય પુરાવા પર વિશ્વાસ રાખી શકાય નહી બચાવપક્ષ ની દલીલ માં તથ્ય નથી કારણ કે તેઓ બનાવ બન્યા પછી બનાવ ના સ્થળે આવી ગયેલ હતા આરોપી ત્યાં થી જતો રહેલ હોવા ની હકીકત જણાવેલ છે તેમજ આરોપી ફરીયાદી સાથે રકજક કરી લાકડી થી મારેલ, ત્યારબાદ ફરીયાદી મોતીબેન ને ૧૦૮ માં દવાખાને મોકલેલ હોવા ની તથા તેણી ને બનાવમાં ઈજા થયેલ હોવા ની હકીકત ને સમર્થન આપેલ છે. આમ આ સાહેદ કોઈ ને ખોટી રીતે ગુના ના કામે સંડોવતા હોય તેવુ જણાતુ નથી કારણ કે આ આરોપી તથા ફરીયાદપક્ષ ના તમામ સાહેદો સગા ભાઈ બહેન છે. આ હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત ના **Ram Bharosey V/s. State of U.P. AIR 1954 SC 704,** Hon'ble Apex Court held that, " where the Court stated the dictum of law that a close relative of the deceased does not, per se, become an interested witness. An interested witness is one who is interested in securing the conviction of a person out of vengeance or enmity or due to disputes and deposes before the court only with that intention and not to further the

cause of justice. The law relating to appreciation of evidence of an interested witness is well settled, according to which, the version of an interested witness cannot be thrown overboard, but has to be examined carefully before accepting the same."

(ઘ). આ કામે બચાવપક્ષે દલીલ કરેલ છે કે નજરે જોનાર સાહેદ મોહનભાઈ ડાકી તથા લીલુબેન એ ફરીયાદ ને સમર્થન આપેલ નથી પરંતુ આ કામે અન્ય હીયર સે સાહેદો એ ફરીયાદી ના પુત્ર તથા ભાઈ એ સમર્થન આપતો પુરાવો આપેલ છે. આમ કોર્ટે પુરાવા ની મુલવણી વખતે ***“ એક હકીકત ખોટી એટલે સંપુર્ણ હકીકત ખોટી છે “*** તેવુ અનુમાન કરી શકે નહી અને જે રીતે ભુસા માં થી અનાજ સાફ કરી શકાય તે રીતે કોર્ટ ધ્વારા કાળજીપુર્વક પુરાવા ની મુલવણી કરી ને ફરી ગયેલ સાહેદ પણ ફરીયાદ હકીકત ને જેટલુ સમર્થન કરે તેટલો પુરાવો વંચાણે લઈ શકે તેમ છે. આ હકીકત ના સમર્થન માં In **Ugar Ahir & Ors. v. State of Bihar**, **AIR 1965 SC 277, Hon’ble Apex Court held:-**

" The maxim **falsus in uno,falsus in omnibus** (false in one thing,false in every thing) is neither a sound rule of law nor a rule of practice. Hardly one comes across a witness whose evidence does not contain a grain of untruth or at any rate exaggerations,embroideries or embellishments. It is, therefore, the duty of the court to scrutinise the evidence carefully and,in terms of the felicitous metaphor, separate the grain from the chaff, But, it cannot obviously disbelieve the substratum of the prosecution case or the material parts of the evidence and reconstruct a story of

its own out of the rest."

**(ચ).** આરોપી ના વિધ્વાન વકીલશ્રી ધ્વારા દલીલ કરેલ છે કે આ કામ માં ફરીયાદીપક્ષ ના સાહેદો એ કોર્ટ સમક્ષ સોંગદ ઉપર જે જુબાની આપેલ છે તે હકીકત તેઓ એ પોલીસ રૂબરૂ ના નિવેદનમાં જણાવેલ નથી તે બાબતનુ વિરોધાભાસી પુરાવો આપેલ છે. વિરોધાભાસ કોને કહેવાય અને તે કઈ રીતે સાબિત કરી શકાય તેની ચર્ચા માં ઉતરતા પહેલા **નામદાર સર્વોચ્ચ અદાલતના બંધારણીય બેંચની Tahsildar Singh Versus State Of Uttar Pradesh, 1959 (0) AIJEL-SC 31576** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, " primarily concerning the interpretation of Section 162 of Cr.P.C. and Section 145 of the Evidence Act regarding the use of police statements to contradict witness testimony. Hon'ble Supreme Court clarified that omissions in police statements do not automatically constitute contradictions and can only be used to impeach a witness's credibility if they are inherently irreconcilable with the witness's court testimony." **વધુમાં નામ. સર્વોચ્ચ અદાલતના Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat**, reported in AIR 1983 SC 753 in which it is held that, " Overmuch importance cannot be given to minor discrepancies. Discrepancies which do not go to the root of the matter and shake the basic version of the witnesses, therefore, cannot be annexed with undue importance. "

આમ **તહેસીલદારસીંગ તથા ભરવાડ ભોગીનભાઈ** ના ચુકાદા માં નામદાર વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો સાથે હાલના કેસનુ વિહંગાવલોકન

કરતા સામાન્ય રીતે કોર્ટે પુરાવામાં સામાન્ય વિરોધાભાસ ની અવગણના કરવાની રહે છે વધુમાં જે વિરોધાભાસ ફરીયાદપક્ષના કેસ ના રૂટ ફોર્મને અસર કરતા વિરોધાભાસ ને જ કોર્ટે ધ્યાને લેવો જોઈયે અને દરેક કેસની હકીકતો અને પુરાવા મુજબ આવેલ વિરોધાભાસ ની મુલવણી અને તારવણી કરવી જોઈયે. આ કામે ફરીયાદી મોતીબેન ની જુબાની માં " મારા હાથમાં કઈ નથી તમો ભાઈઓ ભાઈઓ સમજી લ્યો અને ભાગ પાડી લ્યો " **,** " આ માર અમોને બે હાથમાં**,** છાતીમાં તથા વાસાના ભાગે માર મારેલ હતો તથા આ મારમાં અમોને ડાબા હાથની આંગળી તુટી ગયેલ અને આ માર મારતાં મને મોહનભાઈ તથા લીલુબેન આવેલા અને તેઓએ જુદા પાડેલ." આ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી તેમજ **સાહેદ વિરમભાઈ ડાકી** ''બનાવમાં અમો વાડીએ હતા અને અમોને શકો (સહકા) સંભળાયેલ જેથી અમો અમારી વાડીએ આવેલા હતા વાડીએ આવેલા ત્યારે મોતીબેન અને સમભાઈ રકઝક કરતા હતા ત્યારબાદ મે રામભાઈને પુછેલ કે શું થયુ ? પછી રામભાઈએ જણાવેલ કે**,** અમારે બેન ભાઈને જમીનની કાઈશ(વાંધો) છે. આને જમીનના ભાગના વાંધા રહેલ હતો " તેવું મે મારા નિવેદનમાં લખાવેલ નથી. આમ ફરીયાદી તથા સાહેદ એ બનાવ હકીકત અંગે તેઓ એ (માઈન્યુટ) સામાન્ય વધારા નો વિરોધાભાસી પુરાવો આપેલ છે તેમજ કોઈ પણ ફરીયાદ માં સંપુર્ણ હકીકત કયારેય આવી શકે નહી. વધુમાં આ કામે બચાવપક્ષ ધ્વારા ત.ક.અ.ની ઉલટ તપાસ કરેલ છે તે વંચાણે લેતા ફરીયાદપક્ષ ના કેસના રૂટ ફોર્મ ને અસર કરે તેવો કોઈ જ વિરોધાભાસી પુરાવો બચાવપક્ષ ભારતીય પુરાવા અધિનિયમની **કલમ–૧૪૫ તથા કલમ–૧૬૨** ની જોગવાઈયો મુજબ રેકર્ડ ઉપર લાવી શકેલ નહી.

**(૭).** આ કામે ફરીયાદી એક દિવસ મોડી ફરીયાદ કરેલ છે. આમ ડીલે ફરીયાદ

હોવા થી ફરીયાદ હકીકત ની વિશ્વસનીયતા ઘટી જતી હોવા થી આરોપી ને શંકા નો લાભ આપવો જોઇયે પરંતુ બચાવપક્ષ આ દલીલ માં તથ્ય નથી કારણ કે કોઈ વ્યકિત ને ઈજા થાય તો સર્વપ્રથમ તેઓ ની સારવાર અગત્ય ની હોય છે. ફરીયાદી એ પહેલા તા.૧૭/૦૩/૨૩ ના રોજ બનાવ બન્યા બાદ સારવાર લીધેલ અને અંદર ના દર્દી તરીકે દાખલ હતા તેથી તા.૧૮/૦૩/૨૩ ના રોજ ભાવસિંહજી હોસ્પીટલ થી ડયુટી પોલીસ અધિકારી ને ફરીયાદ આપેલ છે તે ફરીયાદ લગત આ ગુના નુ ચાર્જશીટ થયેલ છે તેમજ દવાખાને ફરીયાદ લેનાર પોલીસ અધિકારી **નરેન્દ્રભાઈ ત્રિકમભાઈ ભટ્ટને આંક-૨૩ થી** તપાસેલ છે જે ફરીયાદ અસાધારણ વિલંબ થી આપેલ હોવા નું માની શકાય નહી.

"There is no mathematical formula by which an inference may be drawn either way merely on account of delay in lodging of the FIR.in the connection it will be useful to take note of the following observation made by Hon'ble Apex Court in Tara Singh V. State of Punjab3 ;(SCC p.541, para 4) The delay in giving the FIR by itself cannot be a ground to doubt the prosecution case."

Mere delay in lodging the FIR is not fatal to the case of the prosecution.However,the fact that the report was lodged belatedly is a relevent factor of which the court must take notice. **(Ramdas v.State of maharastra A.I.R.2007,SC,155).**"

આમ નામદાર વડી અદાલત ના પ્રસ્થાપિત સિધાંત મુજબ પ્રથમ બાતમી રિપોર્ટ નોંધવામાં વિલંબ થયેલ હોય તો તે ફરીયાદપક્ષ માટે ઘાતક હોય છે પરંતુ કાયદામાં પ્રથમ બાતમી રિપોર્ટ આપવા માટે કોઈ સમય મર્યાદા નિર્ધારીત કરવામાં

આવેલ નથી અને ફરીયાદપક્ષ એ કોઈપણ પુરાવા જોડતોડ(Manipulation) કરેલ હોવા નુ જણાતુ નથી.

**(૧૩).** ફરીયાદપક્ષ આરોપી સામે ના આક્ષેપાયેલ ઈ.પી. કો., ૧૮૬૦ ની કલમ-૩૨૩, ૩૨૫ મુજબ ના ગુના ના તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે તેવુ આ અદાલતનુ સ્પષ્ટપણે તથા નમ્રપણે માનવુ છે તે સંજોગો માં આરોપી ને ઉપરોકત ગુના માં તકશીરવાન ઠરાવી મુદદા નંબર ૦૧ નો જવાબ હકારમાં આપેલ હોવા થી અને કેસ વોરંટ ટ્રાયબલ હોય તેથી આ ગુના ની સજા બાબતે સાંભળવા જરૂરી જણાતુ હોય જેથી સજા અંગે સાંભળવા હું વિરમુ છું.

હુકમ આજ રોજ તા.**૦૧ લી** માહે-**એપ્રિલ** સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા.૦૧/૦૪/૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ :-રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
(સેલ્ફ) **U.I.C.NO.GJ 01439.**

**:: સજા અંગે સાંભળ્યા ::**

**(૧૪).** આરોપી સામે ઈ.પી.કો.,૧૮૬૦ ની કલમ ૩૨૩, ૩૨૫ મુજબ ના ગુના ની ટ્રાયલ ચાલી ગયેલ છે. આરોપી ઉપર જે ગુન્હાઓ નો આક્ષેપ છે તે સી.આર.પી.સી.,૧૯૭૩ ની કલમ-૨ (એકસ) પ્રમાણે વોરંન્ટ ટ્રાયબલ ગુનાઓ છે. વોરંન્ટ ટ્રાયબલ કેસમાં મેજીસ્ટ્રેટે પુરાવો રેકર્ડ કર્યા બાદ અનુસરવાની કાર્યવાહી અન્વયે જયારે આરોપી ને દોષિત ઠરાવવામાં આવે ત્યારે ક્રિ.પ્રો.કો., ૧૯૭૩ ની કલમ-૨૪૮ (૨) મુજબ મેજીસ્ટ્રેટે સંહિતા ની કલમ-૩૬૦ મુજબની કાર્યવાહી અનુસરવી જોઈએ અને જો આવી કાર્યવાહી અનુસરવામાં ન આવે તો તે અંગેના સંહિતા ની કલમ-૩૬૧ મુજબ ના કારણો જણાવવા પડે તેમ છે. હાલ ના કેસ માં

આરોપીઓ નું સામાજીક સ્થાન તેમજ ગુન્હા નો પ્રકાર, ગુન્હાની ગંભીરતા, આરોપીઓ ના સંજોગો વિગેરે બાબતો આ તબકકે મહત્વની બની રહે છે.

**(૧૫).** સદરહુ કેસને સજા અંગે સાંભળવામાં આવેલ છે. આ કામમાં **એ.પી.પી. શ્રી જે. એલ. ઓડેદરા ને સાંભળ્યા** આ કામના આરોપી વિરૂઘ્દ ઈ.પી.કો. કલમ –૩૨૩, ૩૨૫ મુજબ નો ગુનો ફરીયાદપક્ષે પુરવાર કરેલ હોય અને આરોપી એ ફરીયાદી ને બીજા ભાઈ પાસે થી જમીન માં ભાગ અપાવવાનુ કહી ને સગી બહેન ને લાકડી વડે માર મારી ફેકચર ની ઈજાઓ કરી કાયમી ખોડ ની મહાવ્યથા કરેલ છે. આ આરોપી ના બહેન ફરીયાદી પાસે પીયર માં કોઈ જમીન તેણી ના નામે આવેલ નથી. આ ગુના ની સાથે જ પોલીસે આરોપી વિરૂઘ દારૂ પીવા નો કેસ પણ દાખલ કરેલ છે જેનો હુકમ પણ આજરોજ છે. આરોપી આક્રામક જુનુની સ્વભાવ ના હોય તેઓ ને જો પ્રોબેશન નો લાભ આપવામાં આવે તો સમાજ માં કાયદા નો ડર રહે નહી જો તેઓ એ કરેલ ગુના ની ગંભીરતા તથા ફરીયાદી એ ભોગવેલ ગંભીર પીડા ને ઘ્યાને લેતા આરોપી ને વઘુમાં વઘુ સજા/શિક્ષા તથા દંડ કરવા દલીલ કરેલ છે.

**જયારે આરોપી તર્ફે વિઘ્વાન વકીલ શ્રી વી. ડી. જોષી** ને સાંભળ્યા તેઓએ દલીલ કરેલ છે કે સબબ કામે વઘુમાં આરોપી એ પ્રથમ ગુનો કરેલ છે તેઓ ને પાંચ દીકરીઓ જ છે. આ કામે પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ની કલમ–૩ તથા ૪ અન્વયે કોર્ટ કોઈ પણ ગુના માં શિક્ષા નો હુકમ કરેલ હોય તો તેઓ ને ઓછી સજા અથવા પ્રોબેશન નો લાભ આપી શકે છે જો આ કામે આરોપી ઓ ને ઠપકો આપી અને સારી વર્તણુંક રાખવાની શરતે પ્રોબેશન પર છોડવામાં આવે તો તેઓ ના પરીવાર નો ગુજરાન ચાલી શકે તેમ છે. આરોપી કુટુંબી માણસ છે તેઓ પરીવારમાં એકમાત્ર કમાવનાર માણસ છે જેથી આરોપીને ઓછી સજા કરી પ્રોબેશનનુ લાભ

આપવા અરજ કરેલ છે.

**(૧૬).** હવે આ કામે સજા અંગે બન્ને પક્ષોને સાંભળ્યા. આ કામ ના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૫ મુજબનો ગુનો પુરવાર થયેલ છે. આમ આ કામના આરોપી એ તેઓ ની બીજા ભાઈ પાસે થી મિલકત માં ભાગ લેવા માટે કહી ફરીયાદી ને લાકડી વડે માર મારી શરીરે વ્યથા તથા **આંગળી માં ફ્રેકચર કરી કાયમી ખોડ ની મહાવ્યથા કરી શારીરીક પીડા આપેલ છે**. આમ આરોપી એ કરેલ ગુનાની ગંભીરતા તથા પ્રકૃતિ ધ્યાને લેતા હાલના કામના આરોપી ને ઠપકો આપી પ્રોબેશન નું લાભ આપવું ન્યાયોચિત અને યુકિતસંગત જણાતુ નથી.

આમ આરોપી ના કૃત્યના કારણે જ ભોગ બનનાર ને શરીરે આગંળી માં ફ્રેકચર ની પીડા, દુ:ખ, આઘાત ભોગવવુ પડેલ છે અને હોસ્પીટલાઈઝડ થઈ તેણે પોતા નું રોજીંદુ જીવન સહજતા થી વ્યતિત પણ કરી શકેલ નથી. આમ આ તબકકે એક લેટીન મેકસીમની હું ચર્ચા કરૂ છું ***'' Veniae fcilitas incentivum est delinquendi: Means Facility of pardon is an incentive for crime."*** આ તમામ બાબતો તેમજ નામદાર વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત સિધ્ધાતોં ધ્યાન સમક્ષ રાખીને આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ વિકલ્પે પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ અન્વયે પ્રોબેશનનો લાભ આપી શકાય તેમ નથી કારણકે જો પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો આરોપી જેવુ માનસ ધરાવતા બીજા ઈસમો પણ સમાજ માં મારામારી કરે અને સમાજ માં સુલેહ શાંતી જળવાઈ રહે નહી જેથી,આ કામનો ન્યાયીક અંત આણવા સારૂ નીચે મુજબ નો હુકમ કરું છું.

**(૧૭). મુદ્દા નં. (૪).** આ કામના મુદ્દા નં.૦૧ થી ૦૩ નો નિર્ણય ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ધ્યાને લેતા આ કામમાં ન્યાય ના વિશાળ હીત માં મુદદા નં.૪ લગત નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

-- ક્રિ.પ્રો.કો. ની કલમ–૨૪૮ (૨) અન્વયે આ કામના આરોપીને **ઈ. પી. કો. , ૧૮૬૦ ની કલમ–૩૨૩** મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી એક વરસ ની સખ્ત કેદ ની સજા તથા દરેક આરોપી ને રૂા.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ નો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ એક માસની સખ્ત કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

-- ક્રિ.પ્રો.કો. ની કલમ–૨૪૮ (૨) અન્વયે આ કામના આરોપીને **ઈ. પી. કો. ,૧૮૬૦ ની કલમ–૩૨૫** મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ત્રણ વરસ ની સખ્ત કેદ ની સજા તથા દરેક આરોપી ને રૂા.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ નો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસ ની સખ્ત કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

-- ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮ (૧) અન્વયે આ કામ ના આરોપીને **ઈ. પી. કો. , ૧૮૬૦** કલમ–૫૦૪, ૫૦૬ (૨) મુજબ ના ગુના ના કામે પુરાવા ના અભાવે શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

-- ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮ (૧) અન્વયે આ કામ ના આરોપીને **જી. પી. એકટ ની કલમ–૧૩૫ મુજબ** ના ગુના ના કામે પુરાવા ના અભાવે શંકા નો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

-- ક્રિ.પ્રો.કો.ની કલમ–૪૨૮ અન્વયે આ કામના આરોપી ને કાચા કામ ના કેદી તરીકે ભોગવેલી સજા મજરે આપવી.

-- આરોપી જામીન મુકત હોઈ તેઓને તાત્કાલિક જ્યુડિશ્યિલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

--આરોપી ને કરેલ સજાઓ સી.આર.પી.સી.,૧૯૭૩ ની કલમ-૩૧ અન્વયે એક સાથે ભોગવવી.

-- સુપ્રીટેડેંટ શ્રી એ આરોપી નું સજા વોરંટ ભરવું.

-- ક્રિ.પ્રો.કો.ની કલમ-૩૬૩ અન્વયે સુપ્રીટેડેંટ શ્રી એ આ કામ ના આરોપી ને આ ચુકાદા ની એક એક નકલ વિના મુલ્યે તત્કાલ પુરી પાડવી.

-- આ હુકમ આજ રોજ **તા.૦૧ લી માહે-એપ્રિલ** સને-**૨૦૨૬** ના રોજ આરોપી તથા તેમના વિધ્વાન વકીલશ્રી ની હાજરીમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA
Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.04.01 13:06:07 +0530

**તા.૦૧/૦૪/૨૦૨૬.** **(નારાયણ લાલ શર્મા)**
**સ્થળ :-રાણાવાવ.** **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**(સેલ્ફ)** **U.I.C.NO.GJ 01439.**